# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૨/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા બાંગ્લાદેશમાં યોજાનાર 'ટેક્ષટાઇલ એક્ષ્પો'ને હાલ પુરતો સ્થગિત કરવામાં આવ્યો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અખબારી યાદીમાં જણાવે છે કે, સુરતના કાપડ ઉદ્યોગને નવી ઉંચાઇ સુધી પહોંચાડવા માટે ચેમ્બર દ્વારા આગામી ૨ થી ૩ એપ્રિલ ૨૦૨૦ દરમિયાન બાંગ્લાદેશના ઢાકા ખાતે 'ટેક્ષટાઇલ એક્ષ્પો'નું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યુ હતુ. જો કે, કોરોના વાયરસના કારણે તકેદારીના ભાગરૂપે એકજ સ્થળે વધારે લોકો એકત્રિત નહી થાય તે આરોગ્યની દૃષ્ટિએ હિતાવહ છે. આથી ચેમ્બર દ્વારા બાંગ્લાદેશમાં યોજાનાર 'ટેક્ષટાઇલ એક્ષ્પો'ને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઇ હાલ પુરતો સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.